

દેશમાં ચોમાસું સામાન્ય રહેવાની આગાહી

Page-6

સુવિચાર : માત્ર સુખ-સગવડો વધારવાથી નહીં પણ તે સુખ સગવડોનો સમજદારી પૂર્વક ઉપયોગ કરવાથી સુખની પ્રાપ્તિ થતી હોય છે - મુનિ વિજયચંદ્રજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૮ ૧૮ એપ્રિલ, ૨૦૧૫, શનિવાર ; ચૈત્ર વદ - ૦)) પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# કર્મચારીઓ માટે લાભદાયક ત્રણ નિર્ણયો

## સીસીસી અને સીસીસી+ની વયમર્યાદામાં પાંચ વર્ષનો ઘટાડો તથા રજા પ્રવાસ રાહતની જોગવાઈમાં છૂટછાટ

ગાંધીનગર, તા.૧૭

રાજય સરકારના કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે મહત્વના ત્રણ નિર્ણયો મોડી સાંજે જાહેર કરાયા હતા. કોમ્પ્યુટર જ્ઞાન, કૌશલ્ય પરીક્ષામાં મુક્તિ આપવાની વય મર્યાદા પાંચ વર્ષ ઘટાડાઈ, રજા પ્રવાસ રાહતની જોગવાઈમાં છૂટછાટ અપાઈ. કર્મચારી મંડળો દ્વારા વારંવાર રજૂ કરાતા પડતર પ્રશ્નો સંદર્ભે સરકારના હકારાત્મક વલણના સાનુકૂળ પ્રતિભાવો સાંપડ્યા છે.

કર્મચારી મંડળોના વિધિવત પ્રતિભાવ હજુ સુધી પ્રાપ્ત નથી થયા પરંતુ કર્મચારીઓના સામાન્ય વલણમાં આવકારની અભિવ્યક્તિ જોવા મળતી હતી.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજય સરકારની સેવાના કર્મચારીઓ માટે ત્રણ કર્મયોગી કલ્યાણ નિર્ણયો જાહેર કર્યા છે.

શ્રીમતી આનંદીબહેને કરેલા આ નિર્ણયો અનુસાર, સરકારી કર્મચારીઓને કોમ્પ્યુટર જ્ઞાન કૌશલ્યની CCC તથા CCC+ પરીક્ષામાંથી મુકિત આપવાની હાલની વયમર્યાદામાં પાંચ વર્ષનો ઘટાડો કરી હવેથી તે પંચાવનમાંથી ૫૦ની કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રચાયેલી મંત્રીમંડળની પેટાસમિતિએ કરેલી ભલામણોનો સ્વીકાર કરીને આ મહત્વાકાંક્ષી નિર્ણયો કર્યા છે.

તેમણે રાજય સેવાના કર્મચારીઓઅધિકારીઓને રજા પ્રવાસ રાહત LTCના નિયમોમાં પણ ઉદાર છૂટછાટ આપી છે.

તદઅનુસાર, પ્રવર્તમાન ધોરણે આવો LTC લાભ સીધા અને ટૂંકા અંતરે ૬૦૦૦ કિ.મી.ની મર્યાદામાં ફકત રેલ્વે અને રાજય પરિવહનની બસમાં પ્રવાસ મારફતે જ મળે છે તેમાં હવેથી સીધા અને ટૂંકા અંતરની મર્યાદા હટાવી લઈ ૬૦૦૦ કિ.મી.ની મર્યાદામાં રેલ્વે, રાજય પ્રવાસન નિગમની માન્ય ટ્રાવેલ એજન્સી મારફતે કરેલા LTC પ્રવાસને પણ માન્ય રાખવામાં આવશે.

અધિકારીઓની બદલી સમયે તથા નિવૃતિ સમયે હાલ પાંચમા પગાર પંચ મુજબ મળવાપાત્ર ઉચ્ચક ભથ્થું પણ ભારત સરકારના ધોરણો અનુસાર છઠ્ઠા પગાર પંચ મુજબ આપવાનો નિર્ણય કર્યો છે.

# સિવિલના નવા સંકુલમાં ઘેરી બનતી પાણીની સમસ્યા

## સિવિલના નવા સંકુલમાં ન્હાવા તેમજ પીવાના પાણીને મુદ્દે દર્દીઓ આરએમઓની કચેરીએ પહોંચ્યા : વીઆઈયુને કંઈ જ પડી નથી : સરકાર દરમ્યાનગીરી કરે તેવી લોકોની તીવ્ર લાગણી : વીઆઈયુ કંઈ સાંભળતુ જ નથી

ગાંધીનગર, તા. ૧૭


ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જ પાણીની સુવિધા માટે દર્દીઓ આજે ટળવળ્યા હતા અને તેમણે આર.એમ.ઓ. સમક્ષ આ અંગેની ગંભીર ફરિયાદો કરી હતી.

ઉનાળાની મોસમ હજુ એટલી આકરી બની નથી ત્યાં જ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવા સંકુલમાં ન્હાવા-ધોવા માટે અને પીવાનું પાણી ઉપલબ્ધ થયુ ન હતુ. છેલ્લા બે થી ત્રણ દિવસથી આવી પરિસ્થિતિ ચાલી રહી હોવાથી તંગ આવેલા દર્દીઓ આજે આર.એમ.ઓ.ની કચેરીમાં ઘુસી ગયા હતા અને આક્રોશપૂર્ણ રજુઆતો કરી હતી.

સિવિલ હોસ્પિટલના નવા સંકુલમાં પાણીની સમસ્યાને લઈ અનેકવાર અખબારી અહેવાલો પ્રકાશિત થયા છે પણ વી.આઈ.યુ. દ્વારા ફરિયાદો કે રજુઆતોને ધ્યાને લેવામાં આવતી નથી એટલુ જ નહિ હોસ્પિટલના સત્તાવાળાઓ પણ જો ધ્યાન દોરે તો તેમના ફોન રિસીવ કરવાની દરકાર પણ આ તંત્રના અધિકારીઓ કરતા નથી.

મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ટીમ આવી ત્યારે પણ આવો જ હોબાળો થયો હતો. છતાં તંત્રની ઉંઘ ઉડતી નથી અને સરકાર પણ થાબડભાણે આવી સ્થિતિ ચાલશે તેવી નીતિ અખત્યાર કરી રહી છે. એક તબક્કે ગાંધીનગરથી પાણીની ટ્રેઈનો મોકલાઈ હતી તે જ નગરની હોસ્પિટલમાં પાણી નથી મળતું છતાં સરકારના પેટનું પાણી હાલતુ નથી.

## શહેરમાં જામતી નાઈટ ટુર્નામેન્ટ્સ



(તસવીર : દિપક જાની)

# સેન્દ્રીય ખેતીને પ્રોત્સાહન આપવા સરકારની નીતિ

## રાસાયણિક ખાતરોના વધુ પડતા ઉપીયોગથી જમીન ફળદ્રુપતા પર અસરો થઈ રહી છે : ખાસ પ્રોત્સાહનો અપાશે

ગાંધીનગર, તા. ૧૭

સેન્દ્રીય ખેતીને ઉત્તેજન આપવા માટે રાજ્ય સરકારે ખાસ નીતિ તૈયાર કરી અને તેની ઘોષણા કરી છે.

રાસાયણિક ખાતરોના વધતા જતા વપરાશને કારણે જમીનની ફળદ્રુપતા પર થઈ રહેલી વિપરીત અસરોને નાથવા માટે સરકારે આ નીતિ તૈયાર કરી છે.

કૃષિ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આગામી કૃષિ મહોત્સવ દરમ્યાન સેન્દ્રીય ખેતી પર વધુ ભાર મુકવામાં આવશે એટલુ જ નહિ આ માટે સરકારે વિશેષ પ્રોત્સાહનો આપવા માટેનું જે મન બનાવ્યુ છે તેની વિધિવત્ જાહેરાતો થશે.

રાજ્ય સરકારે ૨૦૧૪માં આ અંગેની નીતિ તૈયાર કરવા માટે એક

● અનુસંધાન પાન-૭ પર



ગરમીનો પારો સતત ઉપર જઇ રહ્યો છે ત્યારે ઠંડપીણાની બોલબાલા જોવા મળી રહી છે. હાલ શેરડી વધારે લોકપ્રિય છે.

# વણથંભી વિકાસ યાત્રાને જિલ્લામાં નબળો પ્રતિસાદ

## ગાંધીનગર (ઉ)ના ધારાસભ્યના ગામમાં જ નબળો પ્રતિસાદ : શાળાના ઓરડાઓનું લોકાર્પણ યોજવાના નિર્ણયને લઈ પણ લોકોમાં રોષ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લામાં વણથંભી વિકાસ યાત્રાના પ્રથમ તબક્કાના પ્રથમ દિવસે જ લોકોના નબળા પ્રતિસાદે આગેવાનોને હચમચાવી દીધા છે.

આ વણથંભી વિકાસ યાત્રાના વિરામના સમયે બપોરે જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક પણ અધિકારીઓના મોળા ઉત્સાહને લઈ યોજવાનું ટાળ્યું હતું.

આજે પ્રથમ તબક્કામાં ગાંધીનગર (ઉ)ના ધારાસભ્યશ્રી અશોક પટેલના ગામમાં જ ગણતરીના લોકોને બાદ કરતાં ગ્રામજનો કાર્યક્રમથી દૂર રહેતાં યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડના અધ્યક્ષ ભાવનાબેન દવેએ કાર્યક્રમ ઝડપથી આટોપ્યો હતો.

લોકાર્પણના કાર્યક્રમમાં માત્ર તેમનું જ પ્રવચન થયું હતું. આ પછી અધિકારીઓ સાથેની બેઠકમાં પણ માત્ર પ્રાંત અધિકારી, મામલતદાર, ડીપીઈઓ અને આરોગ્યના ગણ્યા ગાંઠયા અધિકારીઓની હાજરીને કારણે બેઠકનું આયોજન રદ કરાયું હતું.

બપોર બાદ સુઘડ ખાતે યોજાયેલ ખાતવિધિના કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, જિ.પં. પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલ અને અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આજે વણથંભી વિકાસ યાત્રામાં લોકોના નબળા પ્રતિસાદને લઈ આગેવાનોના પગ નીચેથી ધરતી સરકી જવા પામી છે. પીંપળજમાં થોડાક લોકોની હાજરી હતી તો કોલવડામાં શિક્ષકો અને અધિકારીઓની હાજરીને બાદ કરતાં ૨૦થી વધારે લોકો હાજર રહ્યા ન હતા.

નબળા પ્રતિસાદ અંગે સરકારમાં અને સંગઠ્ઠન એમ બંને જગ્યાએ અહેવાલ મોકલવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

વણથંભી વિકાસ યાત્રા થકી સરકાર પોતાની સિધ્ધિઓને લોકો સુધી પહોંચાડી અને જનજાગૃતિ અભિયાન છેડવાના મૂડમાં છે પણ જે રીતે નબળો પ્રતિસાદ સાંપડયો તેનાથી હવે સંગઠ્ઠનને પણ ઠપકો મળે તેમજ સત્તાધીશોને પણ ઠપકો મળે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે.

હવે આજે દહેગામ તાલુકામાં વણથંભી વિકાસ યાત્રામાં વિધાનસભાના મુખ્ય દંડક શ્રી પંકજ દેસાઈ જવાના છે. જો કે વણથંભી વિકાસ યાત્રામાં જે રીતે શાળાના ઓરડાઓનું લોકાર્પણ થઈ રહ્યું છે તે પણ ચર્ચાનો મુદ્દો છે. કારણ કે શાળાના ઓરડાઓનું સામાન્યતઃ પ્રવેશોત્સવ વખતે લોકાર્પણ થતું હોય છે. શાળાઓમાં હાલ પરીક્ષાનો માહોલ હોવા છતાં આવા કાર્યક્રમોથી સરકારે દૂર રહેવું જોઈએ તેવો ગણગણાટ જિલ્લાના લોકોમાં થઈ રહ્યો છે. જેથી બાળકોના અભ્યાસ કે પરીક્ષામાં ખલેલ ના પડે.

# ધારાસભ્ય-મેયરે ગેસની સબસીડી સરન્ડર કરી !!

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ અને મહાનગરપાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ એલ.પી.જી.ગેસ કનેક્શન પર તેમને મળતી સબસીડી સરન્ડર કરવાનો નિર્ણય કર્યો છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સબસીડી સરન્ડર કરવાની કરેલી અપીલને ધ્યાને રાખી આ બન્ને નેતાઓએ તેમના નામે ચાલતા ત્રણ જોડાણોની સબસીડી સરન્ડર કરી છે.

આ બન્ને આગેવાનોએ અન્ય નાગરિકોને અને સમાજસેવીઓને આ અભિયાનમાં જોડાવા અપીલ પણ કરી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

# રાજ્યના દરિયાકાંઠે સુરક્ષા જવાનો તૈનાત

## ૨૪ કલાક પેટ્રોલિંગ : ઈન્ટેલીજન્સ બ્યુરોએ ચેતવણી આપ્યા બાદ એલર્ટ

અમદાવાદ, તા.૧૭

ગુજરાતના ધાર્મિક સ્થળો ઉપર આતંકવાદી હુમલાનું સંકટ તોળાઈ રહ્યું છે ત્યારે તકેદારી એકાએક વધારી દેવામાં આવી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં સાવચેતીના તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. અનેક સ્તરીય સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. નૌકા સેના, દરિયાકાંઠાના જવાનો પરિસ્થિતિ પર બાજ નજર રાખી રહ્યા છે. એલર્ટની પણ જાહેરાત કરવામાં આવી છે. ઈન્ટેલીજન્સે હાલમાં જ એવી દહેશત વ્યક્ત કરી હતી કે, અક્ષરધામ મંદિર, સોમનાથ મંદિર સહિતના ધાર્મિક સ્થળો ઉપર હુમલા થઈ શકે છે. સેન્ટ્રલ આઈબીના ઈનપુટના પગલે સમગ્ર સૌરાષ્ટ્રમાં હાઈ એલર્ટ જાહેર કરી દેખાયું છે.

સેન્ટ્રલ આઈબી એ આંતકવાદીઓ ગુજરાતમાં ઘૂસવા માટે દરિયાઈ માર્ગનો ઉપયોગ કરે તેવી શકયતા વ્યકત કરવામાં આવી છે. રાજયના ૧૬૦૦ કિ.મીના દરિયાકિનારા પર સુરક્ષા કવચ ગોઠવી દેવામાં આવ્યું છે. સેન્ટ્રલ આઈબીની તાકિદના પગલે રાજયના યાત્રાધામો અને દરિયાકિનારે સુરક્ષાના તમામ પગલા ભરવામાં આવ્યા છે.

માર્કેટીંગ માટે જોઇએ છે
અલુવા હિલ્સ ગાંધીનગર સ્કીમમાં બંગલા સાથે નાના પ્લોટો માર્કેટીંગ કરી શકે તેવા વ્યકિતએ તેનો પ્રોફાઇલ / બાયોડેટા મોકલી આપવો ગાંધીનગર માં રહેતા અને અનુભવ ધરાવતા વ્યકિતને પ્રથમ પસંદગી કરવામાં આવશે. પગાર વત્તા ખર્ચ અને કમીશન અથવા ફ્રી લેન્સીંગ થી કામ કરી શકે તેવા સક્ષમ વ્યકિતએ એપ્લીકેશન કરવી.
ભાનુભાઇ જી. પટેલ, M : 98988 51234
Email : bgpatel39@gmail.com

ઈન્ડિયન અને ઈમ્પોર્ટેડ ક્રોકરી સેલ
50000 થી વધુ વ્હેરાયટીઝ
Upto SALE 50% OFF
Luminarc
Ocean
CORELLE
સૌથી મોટામાં મોટું ક્રોકરીનું કલેકશન આપના શહેરમાં રખે રહી જતા... પછી પસ્તાશો...
• ફ્રાન્સ, ટર્કી, જર્મની, થાઈલેન્ડ ગ્લાસવેયર • ફેન્સી પ્લાસ્ટીક વેયર, બોન ચાયના
• મેલામાઈન ક્રોકરી, ગિફ્ટ આર્ટીકલ્સ • ડાયનિંગ અને સોફાસેટ કવર વગેરે
શ્રી સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સેવા સમાજની વાડી (હોલ)
સેકટર-૭/સી, ગાંધીનગર

આવો, વધાવીએ સમૃધ્ધિના આ શુભ અવસરને...
અણમોલ અક્ષય તૃતીયા
૧૪ થી ૨૧ એપ્રિલ
50% ઘડામણ પર ડિસ્કાઉન્ટ
916 સોનાના તથા રીયલ ડાયમંડના ઘરેણા પર
100%* ઘડામણ પર ડિસ્કાઉન્ટ
*પસંદગીના 916 સોનાના તથા રીયલ ડાયમંડના ઘરેણા પર
350/- પ્રતિ ગ્રામ 121/- પ્રતિ ગ્રામ સોનાની પ્લેન નક્કર બંગડીઓ પર ૫૦%થી વધુ ડિસ્કાઉન્ટ
385/- પ્રતિ ગ્રામ 191/- પ્રતિ ગ્રામ
425/- પ્રતિ ગ્રામ 211/- પ્રતિ ગ્રામ
450/- પ્રતિ ગ્રામ 221/- પ્રતિ ગ્રામ
સેટ, કંગન, ફેન્સી બેંગલ્સ, લકી, બ્રેસલેટ, મંગલસૂત્ર, પેન્ડન્ટ સેટ, બાજુબંધ, ચેઇન, હોલો ચેઇન, નક્કર ચેઇન વગેરે
495/- પ્રતિ ગ્રામ 241/- પ્રતિ ગ્રામ એન્ટીક-જડતર સેટ, કંગન, બાજુબંધ, બ્રેસલેટ, પેન્ડન્ટ સેટ, પોલકી સેટ, કંગન, બ્રેસલેટ, પોલકી પેન્ડન્ટ સેટ વગેરે
ઓફર ફક્ત તૈયાર ઘરેણા પૂરતી માન્ય.
* Conditions Apply
એ બી જવેલ્સ
અમદાવાદનો સૌથી વિશાળ જ્વેલરી મોલ
સિધ્ધિવિનાયક કોમ્પ્લેક્ષ, શિવરંજની ક્રોસ રોડ, ૧૩૨ ફૂટ રિંગ રોડ, સેટેલાઇટ, અમદાવાદ ૩૮૦ ૦૧૫.
Ph # +91-79- 40402525, 26742525 / 26 / 27 / 28
ઓફર દરમ્યાન રવિવારે શો-રૂમ ચાલુ રહેશે. • વેલે પાર્કિંગની સુવિધા
Since 1950
... આપનું ગર્વ!
ડાયમંડ પ્લેટિનમ • ગોલ્ડ • સિલ્વર